| Article Date | Headline / Summary | Publication |
| --- | --- | --- |
| 19 Jun 2026 | Is your insurance adequate? A simple checklist to find out | Mumbai Samachar (Gujarati) |



# શું તમારો ઇન્શ્યોરન્સ પર્યાપ્ત છે? જાણવા માટેની એક સરળ ચેકલિસ્ટ

ડૉ. તપન સિંઘલ, એમડી અને સીઈઓ, બજાજ જનરલ ઈન્શ્યોરન્સ લિમિટેડ
(અગાઉ બજાજ આલિયાન્ઝ જનરલ ઈન્શ્યોરન્સ કંપની લિમિટેડ તરીકે ઓળખાતી)

આકસ્મિક જરૂરિયાતો માટે પ્લાન કરવા અને સુરક્ષા કવચ ઊભું કરવા માટે ઇન્શ્યોરન્સ એ શ્રેષ્ઠ રીતોમાંથી એક છે. જો કે, માત્ર પોલિસી ખરીદવાથી હંમેશાં સંપૂર્ણ સુરક્ષાની ગેરંટી મળતી નથી; મુખ્ય બાબત એ છે કે યોગ્ય માત્રામાં કવરેજ હોય. વર્ષોના અનુભવ દરમિયાન, મેં એક ચિંતાજનક પેટર્ન જોઈ છે: ઘણા પૉલિસીધારકો ઇન્શ્યોરન્સ ધરાવે છે, પરંતુ તે પૂરતા પ્રમાણમાં હોતો નથી. ચાલો જોઈએ કે તમારી જરૂરિયાતોને ખરેખર અનુરૂપ ઇન્શ્યોરન્સ કવર કેવી રીતે તૈયાર કરી શકાય છે.

★ **હેલ્થ ઇન્શ્યોરન્સ:** ભારતમાં તબીબી ફુગાવો, લગભગ 15% ના દરે, સતત સામાન્ય ફુગાવા કરતાં ઝડપથી વધી રહ્યો છે. મેટ્રો શહેરમાં હૉસ્પિટલમાં દાખલ થવાનો એક વખતનો ખર્ચ પણ લાખો રૂપિયા સુધી પહોંચી શકે છે. તેમ છતાં, ઘણા પરિવારો હજુ પણ ₹3 લાખ અથવા ₹5 લાખના કવર પર આધાર રાખે છે, જેની મર્યાદા હૉસ્પિટલમાં દાખલ થવાના વાસ્તવિક ખર્ચ કરતા ઘણી ઓછી છે. અહીં બે સરળ પ્રશ્નો છે જે તમને મદદરૂપ થઈ શકે છે: 'શું મારું વર્તમાન કવર કોઈ પ્રતિષ્ઠિત હૉસ્પિટલમાં મોટી સર્જરી કરાવવા માટે પૂરતું હશે? અથવા શું હું મારી બચતને સ્પર્શ કર્યા વિના તબીબી કટોકટીને મેનેજ કરી શકું તેમ છું?' જો આ પ્રશ્નોનો જવાબ સ્પષ્ટપણે 'ના' હોય, તો તમારી પૉલિસીની સમ ઇન્શ્યોર્ડની ફરીથી તપાસ કરવાનો સમય આવી ગયો છે. વ્યક્તિગત હેલ્થ ઇન્શ્યોરન્સ પ્લાન તમને તમારા રોજગારની સ્થિતિને ધ્યાનમાં લીધા વિના કવર કરશે. જો તમે વ્યક્તિગત હેલ્થ ઇન્શ્યોરન્સ પસંદ કરવામાં અચકાતા હોવ, તો તમે તમારી સુરક્ષા વધારવા માટે નજીવા પ્રીમિયમ પર ટોપ-અપ કવર ખરીદીને શરૂઆત કરી શકો છો. કેન્સર, હૃદયરોગ અને સ્ટ્રોક જેવી બીમારીઓમાં લાંબા ગાળાની સારવાર અને રિકવરીની જરૂર પડે છે. ક્રિટિકલ ઇલનેસ પૉલિસી એકસામટી રકમની ચુકવણીની સુવિધા પ્રદાન કરે છે, જે રિકવરી દરમિયાન તબીબી અને અન્ય ખર્ચાઓમાં સહાયરૂપ બની શકે છે.

★ **હોમ ઇન્શ્યોરન્સ:** મોટાભાગના પરિવારો માટે, તેમનું ઘર તેમની સૌથી મહત્ત્વપૂર્ણ મિલકત હોય છે. તેમ છતાં ભારતમાં હોમ ઇન્શ્યોરન્સનો વ્યાપ નોંધપાત્ર રીતે ઓછો છે. ખાસ કરીને સમગ્ર દેશમાં કુદરતી આફતોના વધતા પ્રમાણને જોતા, શ્રેષ્ઠ હોમ ઇન્શ્યોરન્સ કવરેજ હોવું પહેલાં કરતા ક્યાંય વધુ મહત્ત્વનું બની ગયું છે. મિલકતના બાંધકામનો પર્યાપ્ત ઇન્શ્યોરન્સ હોવો જ જોઈએ.

★ **સાઇબર ઇન્શ્યોરન્સ:** જે અગાઉ માત્ર વ્યાવસાયિક સંસ્થાઓ માટેની એક વિશિષ્ટ પ્રોડક્ટ તરીકે ગણવામાં આવતો હતો, તે હવે વ્યક્તિગત સ્તરે પણ વધુને વધુ સુસંગત બને છે. એવી દુનિયામાં જ્યાં ડિજિટલ જોખમો સતત વિકસિત થઈ રહ્યા છે સાઇબર ઇન્શ્યોરન્સ ઝડપી જોખમ વ્યવસ્થાપન માટેનું એક આવરણ બની રહ્યો છે.

★ **મોટર ઇન્શ્યોરન્સ :** એક કોમ્પ્રિહેન્સિવપોલિસી માત્ર થર્ડ-પાર્ટીની જવાબદારીઓ સામે જ નહીં, પરંતુ તમારા વાહનના નુકસાનને પણ કવર કરે છે. સંપૂર્ણ માનસિક શાંતિ માટે, ઝીરો ડેપ્રિશિયેશન, એનસીબી પ્રોટેક્શન કવર અને એન્જિન પ્રોટેક્શન જેવા મહત્વપૂર્ણ ઍડ-ઑન કવર ઉમેરવાનું વિચારો.